સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/બીજ/૧૯-૨૦/૨૮
જીલ્લા પંચાયત કાર્યાલય,
કૃષિ અનુભાગ,
મોટી દમણ,
તારીખ :- ૩૦/૦૮/૨૦૧૯

પ્રતિ શ્રી,
સરપંચ શ્રી /સેક્રેટરી શ્રી/ગ્રામસેવક શ્રી
______________________
______________________

વિષય :- કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત, દમણ દ્વારા સ્થાનિક ખેડૂતોને રવી પાક ઋતુ ૨૦૧૯ -૨૦ અંત:ર્ગત દેસી લાલ વાલના બિયારણનું વિતરણ **"વહેલાતે પહેલા ના ધોરણે"** કરવા માટે પૂર્વ આયોજન કરવા બાબત.

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા રવી પાક ઋતુમાંપ્રતિ વર્ષ "સંપૂર્ણ કૃષિ વિકાસ યોજના" અંત:ર્ગત દેસી લાલ વાલના બિયારણનું વિતરણ @૫૦% સબસીડી, રૂપિયા ૧૦૦૦/- અધિકતમ મર્યાદામાં **"વહેલાતે પહેલા ના ધોરણે"** સ્થાનિક ખેડુતોને કરવામાં આવે છે.

મહોદય, રવી પાક ઋતું ૨૦૧૯-૨૦ અંત:ર્ગત સ્થાનિક ખેડૂતોને ઉક્ત યોજનાની સહાયતા પેટર્ન અનુસાર દેસી લાલ વાલના બિયારણના જથ્થાની ખરીદી અને તેના વિતરણ કરવા માટેના પૂર્વ આયોજનના ભાગ રૂપે, આ **બિયારણની @૫૦% સબસીડીમાં ખરીદી કરવા માંગતા ખેડૂતોની પૂર્વ માંગ જરૂરી છે.**

મહોદય, રવી પાક ઋતું ૨૦૧૯-૨૦ અંત:ર્ગત દેસી લાલ વાલના બિયારણના જથ્થાની ખરીદી @૫૦% સબસીડીમાં કરવા માંગતા ખેડૂતોએ જીલ્લા પંચાયત,ઢોલર મોટી દમણની કચેરીથી તારીખ. ૧૩/૦૯/૨૦૧૯ સુધીમાં ફોર્મ મેળવી લેવું. ફોર્મ ની સંપૂર્ણ વિગત ભરી નીચે મુજબના યોગ્ય પુરાવાઓ બિડાણ કરીને તારીખ. ૧૪/૦૯/૨૦૧૯ સુધીમાં ઉક્ત, કચેરી માં જમા કરાવી દેવું.

(૧) જમીનની ૧/૧૪ની સ્વપ્રમાણિત નકલ.
(૨) આધાર કાર્ડની સ્વપ્રમાણિત નકલ.

મહોદય, સંપૂર્ણ વિગત સહ પુરાવાઓ સાથેના ફોર્મ પ્રાપ્ત થયા પછી, વિભાગની સંપૂર્ણ કાર્યવાહી પૂરી થયા બાદ પસંદ થયેલ ખેડૂતોને બિયારણ મેળવી લેવા માટેની જાણ પંચાયતના માધ્યમથી કરવામાં આવશે.

સહકાર બદલ, આભાર

આપનો વિશ્વાસુ
(signature) ૩૦-૮-૧૯
(એસ.એમ.હળપતિ)
ઉપ લેખા નિદેશક/આ.સ.અ.
જીલ્લા પંચાયત,કૃષિ વિભાગ
મોટી દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ/સેક્રેટરી/ગ્રામ સેવકને જરૂરી કાર્યવાહી માટે તથા સ્થાનિક ખેડૂતો અને ગ્રામ પંચાયતના સભ્યોને જાણ કરવા વિનંતી.
૨. પ્રમુખ શ્રી, જીલ્લા પંચાયત, દમણ .
૩. મુખ્ય કાર્યકારી અધિકારી, જીલ્લા પંચાયત, દમણ.
૪. ઘટક/તાલુકા વિકાસ અધિકારી, દમણ.
૫. સભ્યશ્રી, જીલ્લા પંચાયત, દમણ .
૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .
૭. શ્રી DIO, NIC, દમણ, સરકારી વેબસાઇડ ઉપર અપલોડ કરવા વિનંતી.